**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૨/૨૦૨૨**

**આંક –૨૮**

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૨/૨૦૨૨ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૫ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ડો. શીરીષકુમાર જોયતારામ જોષી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9723358428 |
| ઉંમર આશરે | ૪૮ | વરસની | ધંધો | તબીબી અધિકારી જનરલ હોસ્પિટલ ડીસા |
| રહેવાનુ | ડીસા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી.. |

(૧) તા.૨૪/૩/૨૨ના રોજ હું મારી ફરજ પર જનરલ હોસ્પિટલ ડીસા ખાતે હાજર હતો. ત્યારે બપોરના ૪:૪૫ કલાકે મારી સમક્ષ દર્દી નામે રમેશભાઈ મફાભાઈ પરમાર ઉ.વ. ૩૫ રહે.કંસારી તા.ડીસા જી. બ.કાં. મારી સમક્ષ મારામારીમાં ઈજા પામતા મારી પાસે આવેલા. જેઓને હીસ્ટ્રી પુછતા જણાવેલ કે તા.૨૪/૩/૨૨ના રોજ બપોર પછીના ત્રણ થી ચાર કલાક વાગે કંસારી ગામ તા.ડીસા ખાતે તેઓને અજાણ્યા શખ્સ વડે માથા તેમજ ડાબા ખભા ઉપર ઈજા થયેલી. જેઓને મે તપાસતા માથાના આગળના ભાગે ૨×૦.૩ સે.મી.નો ઘસરકો હતો તેમજ તેઓ ખભાના ભાગે દર્દ થવાની ફરીયાદ કરતા હતા. જેઓને એક્ષરે નં.૧૨૪૯/૨૪/૩/૨૨ પાડી વધુ સારવાર અર્થે પાલનપુર ખાતે રીફર કરેલ. મારા મંતવ્ય પ્રમાણે આ ઈજા તાજી હતી અને સખત અને બોથડ પદાર્થ થઈ શકે તેવી હતી.

ઈજાનો પ્રકાર અને રીકરવરી સમય સ્પેશ્યાલીસ્ટના ઓપીનીયન ઉપર આધારીત રાખો.જે મતબલનું સર્ટીફીકેટ આપેલુ.

મને માર્ક:૧૦/૫વાળું મેડીકલ સર્ટીફીકેટ નં.૪૮૩/૨૦૨૨ છે જે મને બતાવવામાં આવે છે, જે મારા સ્વહસ્તાક્ષરથી તૈયાર કરેલ છે અને તેમાં મારી સહી તથા હોદો છે, જે હું ઓળખી બતાવુ

સાહેદની સહી............................

છુ, જે રજુ દાખલ **<u>આંક:૨૯</u>** આપવામાં આવે છે.

તા.૨૪/૩/૨૨ના રોજ હું મારી ફરજ પર જનરલ હોસ્પિટલ ડીસા ખાતે હાજર હતો. ત્યારે બપોરના ૪:૪૫ કલાકે મારી સમક્ષ દર્દી નામે રાયચંદભાઈ મફાભાઈ પરમાર ઉ.વ. ૩૫ રહે.કંસારી તા.ડીસા જી. બ.કાં. મારી સમક્ષ મારામારીમાં ઈજા પામતા મારી પાસે આવેલા. જેઓને હીસ્ટ્રી પુછતા જણાવેલ કે તા.૨૪/૩/૨૨ના રોજ બપોર પછીના ત્રણ થી ચાર કલાક વાગે કંસારી ગામ તા.ડીસા ખાતે તેઓને અજાણ્યા માણસ તથા અજાણ્યા હથિયાર ખરપીયા વડે ચહેરાના ભાગે ઈજા અને ડાબા ખભાના ભાગ ઉપર ઈજા થયેલી. જેઓને મે તપાસતા પીઠના ભાગે ૪×૦.૨૦ સે.મી. ખાડો ઘસરકો હતો તેમજ ૨×૨ સે.મી.નો સુજાઈ ગયેલોભાગ હતો. ડાબા ખભાના ભાગે ૨×૨ સે.મી. ઘસરકો હતો અને ડાબા કાનના ભાગે ૧×૦.૩ સે.મી.નો સ્ક્રેચ હતો . જેઓને એક્ષરે નં.૧૨૫૦/૨૪/૩/૨૨ પાડી વધુ સારવાર અર્થે પાલનપુર ખાતે રીફર કરેલ. મારા મંતવ્ય પ્રમાણે આ ઈજા તાજી હતી અને સખત અને બોથડ પદાર્થ થઈ શકે તેવી હતી.

ઈજાનો પ્રકાર અને રીકરવરી સમય સ્પેશ્યાલીસ્ટના ઓપીનીયન ઉપર આધારીત રાખો.જે મતબલનું સર્ટીફીકેટ આપેલુ.

મને માર્ક:૧૦/૬વાળું મેડીકલ સર્ટીફીકેટ નં.૪૮૪/૨૦૨૨ છે જે મને બતાવવામાં આવે છે, જે મારા સ્વહસ્તાક્ષરથી તૈયાર કરેલ છે અને તેમાં મારી સહી તથા હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૩૦</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**<u>ઉલટ તપાસ આરોપીઓ તરફે વિ.વ.શ્રી.ડી.જી.તિવારી..</u>**

(૨) એ વાત ખરી છે કે આ રમેશભાઈ એ અજાણ્યા હથિયારથી ઈજા થયેલાનું જણાવેલુ પરંતુ કયા હથિયારથી ઈજા થયેલી તેવુ જણાવેલ નહી. એ વાત ખરી છે કે આ રમેશભાઈ ખભાના ભાગે ઈજા જણાઈ આવેલી નહી અને તેમના એક્ષરે કઢાવી જોતા પણ કોઈ ઈજા જણાઈ આવેલ નહી અને તેઓની ઈજા સાદા પ્રકારની ઈજાઓ હતી. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત મો.સા. પરથી પડી જાય તો આ પ્રકારની ઈજા સંભવી શકાય છે. એ વાત ખરી છે કે રાયચંદભાઈ એ પણ તેમની કેશ હીસ્ટ્રીમાં કયા વ્યકિત કયા હથિયારથી ઈજા કરેલી છે તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે રાયચંદભાઈને પીઠના કયા ભાગે ઈજા હતી તેવી કોઈ હકીકત

મે મારા સર્ટીફીકેટમાં જણાવેલી નથી. એ વાત ખરી છે કે રાયચંદભાઈને થયેલ ઈજા બાબતે મે એક્ષરે કઢાવી આ એક્ષરેમાં પણ ખભાના ભાગે આંતરીક ઈજા જણાઈ આવેલ નથી. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત મો.સા. પરથી પડી જાય તો આ પ્રકારની ઈજા સંભવી શકાય છે. એ વાત ખરી છે કે ખરપીયાનો આગળનો ભાગ તિક્ષ્ણ હોય છે. એ વાત ખરી છે કે ખરપીયાથી કોઈ ઈસમને ઈજા કરવામાં આવે તો કપાયેલા ઘા(થ્રો એન્ડ થ્રો) ની ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે બંન્ને ઈજાપામનારને ખરપીયાથી ઈજા થયેલ હોય તેવુ મારી તપાસ દરમિયાન જણાઈ આવેલ ન હતું.

**<u>ઉલટ તપાસ પુરી..</u>**

**<u>વિશેષ ઉલટતપાસ નથી..</u>**

**<u>ફેર ઉલટતપાસ નથી..</u>**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૧/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |